પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૭૬ | ૨૭ મે, ૨૦૧૭, શનિવાર ; જયેષ્ઠ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દેશના સૌથી લાંબા ઢોલા-સદિયા પુલનું લોકાર્પણ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્‌ઘાટન : પુલનું નામ ભુપેન હજારીકા : અરૂણાચલ-આસામ જોડાઈ જશે : ૧૬૫ કિમીનું અંતર ઘટશે**





ગુવાહાટી,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે દેશના સૌથી મોટા ઢોલા-સદિયા પુલનુ ઉદ્‌ઘાટન કર્યુ હતુ. મોદીની સાથે કેન્દ્રિય પરિવહન પ્રધાન નિતિન ગડકરી અને આસામના મુખ્યપ્રધાન સર્વાનંદ સોનોવાલ પણ રહ્યા હતા. ઉદ્‌ઘાટન બાદ મોદી પોતે થોડાક સમય સુધી પુલ પર એકલા રહ્યા હતા અને પુલની પોતાની રીતે ચકાસણી કરી હતી. મોદીએ ગાડીઓનો કાફલો રોકાવ્યો હતો અને સુરક્ષા કર્મીઓને પાછળ છોડી દીધા હતા. ત્યારબાદ થોડાક સમય સુધી એકલા પુલ પર રહ્યા હતા. ત્યારબાદ પુલ પર જ તેમણે સોનોવાલ અને નિતિન ગડકરી સાથે વાતચીત પણ કરી હતી. અત્રે નોંધનીય છે કે નવ કિલોમીટરથી વધારે લાંબા આ પુલ પર જંગી ખર્ચ કરવામાં આવ્યો છે. ત્રણ લેન ધરાવનાર આ પુલ બની ગયા બાદ લોકોને ખુબ રાહત થશે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### પ્રેસ કોન્ફરન્સમાં સુઇ ગયા કર્ણાટકના મુખ્યમંત્રી

કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધરમૈયા ફરી એકવાર એક પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન સુઈ ગયા હતા. બેંગ્લોરમાં ચાલી રહેલી કર્ણાટક કોંગ્રેસ મહાસચિવ અને પાર્ટીના પ્રદેશ પ્રભારી વેણુગોપાલની પ્રેસ કોન્ફરન્સમાં તેઓ સુઇ ગયા હતા.

### પંજાબના પૂર્વ ડીજીપી કેપીએસ ગીલનું નિધન

પંજાબના પૂર્વ ડીજીપી કેપીએસ ગીલનું ૮૨ વર્ષની વયે નિધન થયું હતુ. શુક્રવારે દિલ્હીની એક હોસ્પીટલમાં તેમણે છેલ્લો શ્વાસ લીધો હતો. ગીલ બે વાર પંજાબના ડીજીપી રહ્યા હતા. પંજાબમાં આતંકવાદનો ખાત્મો બોલાવવામાં કે.પી. એસ. ગીલનું મહત્વનું યોગદાન રહ્યુ હતુ.

### લાપત્તા સુખોઈ-૩૦નો કાટમાળ મળ્યો

આસામના તેજપુરથી ઉડાન ભર્યાના થોડાં જ સમયમાં ચીન બોર્ડર પાસે ગુમ થયેલુ. ભારતીય વાયુસેનાનું લડાકુ વિમાન સુખોઈ-૩૦નો કાટમાળ મળી આવ્યો છે. આ વિમાનમાં બે પાયલટ સવાર હતા. આ કાટમાળ તેજપુરથી ૬૦ કિ.મી. ઉત્તરમાં ચીન બોર્ડર પાસેથી મળી આવ્યુ હતુ.

### મોદીએ કર્યુ સૌથી લાંબા પૂલનું ઉદ્‌ઘાટન

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અસમમાં ગુવાહાટીના કાર્યક્રમમાં હાજરી આપી કેન્દ્ર સરકારમાં ૩ વર્ષપુરા કર્યાની ઉજવણી કરી હતી. અહીં નરેન્દ્ર મોદીએ દેશના બે ઉત્તરપૂર્વ રાજ્યો અસમ અને અરૂણાચલ પ્રદેશને જોડનારા સૌથી લાંબા પૂલનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

### તેજસ એક્સપ્રેસની પ્રથમ યાત્રામાં જ હેડફોન્સ ચોરાયા

મુંબઈ-ગોવા વચ્ચે દોડતી થયેલી સુપરફાસ્ટ તેજસ એક્સપ્રેસની ચકાસણી કરતાં જાણવા મળ્યું હતું કે ટ્રેનમાંથી હાઈ ક્વોલિટીના ૧૨ હેડફોન્સ ગાયબ છે. જ્યારે ઘણી એલઈડી સ્ક્રીન પર સ્ક્રેચના નિશાન જોવા મળ્યા હતા.

### યુદ્ધ જેવા ક્ષેત્રમાં સેના નિર્ણય લેવા સ્વતંત્ર : જેટલી

કાશ્મીરમાં પથ્થરબાજો વિરૂદ્ધ માનવ ઢાલ તરીકે એક વ્યક્તિને જીપ સાથે બાંધનારા સૈન્ય અધિકારીઓની આલોચના કરનારાને જવાબ આપતા રક્ષામંત્રી અરૂણ જેટલીએ કહ્યું હતુ કે, યુદ્ધ જેવા ક્ષેત્રમાં સૈન્ય અધિકારીઓને નિર્ણય લેવા દેવો જોઈએ.

# મોદી શાસનના ત્રણ વર્ષમાં વ્યક્તિગત આવકમાં વધારો થયો છે : અમિત શાહ

નવી દિલ્હી, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે આજે પરિષદ યોજીને દાવો કર્યો હતો કે મોદી સરકારે ત્રણ વર્ષના ગાળામાં એવા કામ કર્યા છે જે કોંગ્રેસે ક્યારે

**ભારત દેશ એક શક્તિશાળી અર્થતંત્ર બનવાની દિશામાં આગળ વધ્યો : ૪.૫ કરોડ ગરીબોના ઘરમાં શૌચાલય : ૧૫ હજાર કરોડની બેનામી સંપત્તિ જપ્ત કરાઈ છે**




સત્તામાં ત્રણ વર્ષ પૂર્ણ કરી લીધા છે. સત્તામાં ત્રણ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ભાજપ અધ્યક્ષ અમિત શાહે એનડીએ સરકારની ઉપલબ્ધીઓનો ઉલ્લેખ કર્યો હતો. શાહે પત્રકાર કર્યા ન હતા. તેમણે ઉમેર્યું હતું કે આજે વિરોધીઓ પણ અમારા ઉપર ભ્રષ્ટાચારના આક્ષેપ મુકવાની સ્થિતિમાં નથી. શાહે કહ્યું હતું કે ત્રણ

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં ૨૧ ત્રાસવાદી ઘુસ્યાના અહેવાલ

**દેશમાં મોટા હુમલાઓનો ભય : કેટલાક ત્રાસવાદી મુંબઈ-દિલ્હીમાં, અન્ય પંજાબ-રાજસ્થાનમાં ઘુસ્યા : તમામ રાજ્યોમાં પોલીસ હવે હાઈએલર્ટ પર : મેટ્રો, રેલવે સ્ટેશન, વિમાની મથક, હોટલો, ધાર્મિક સ્થળો અને ભરચક બજાર પર ત્રાસવાદીઓની નજર**

નવી દિલ્હી, તા.૨૬

ભારત ઉપર મોટા ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. ૨૦થી ૨૧ જેટલા ત્રાસવાદીઓની એક ટોળકી ભારતમાં ઘુસી ચુકી છે અને ઘાતક હુમલા કરવાની તૈયારીમાં છે. ભારતમાં અગાઉ પણ અનેક ત્રાસવાદી હુમલા કરી ચુકેલા લશ્કરે તોયબાના હથિયારો સાથે સજ્જ ૨૦થી ૨૧ જેટલા ત્રાસવાદીઓ ભારતમાં ઘુસી ગયા છે અને હુમલા કરવાની તૈયારીમાં છે. સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ સંસ્થાઓએ ચેતવણી આપતા કહ્યું છે કે અનેક શહેરોમાં અને રાજ્યોમાં મોટા હુમલા થવાનો ખતરો તોળાઈ રહ્યો છે. આ સંદર્ભમાં એન્ટી ટેરર યુનિટોને શહેરમાં ચેતવણી આપવામાં આવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે

પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈના આદેશ બાદ ભારતમાં આ ત્રાસવાદીઓ ખતરનાક ઈરાદા સાથે ઘુસી ગયા છે. કેટલાક ત્રાસવાદીઓ મુંબઈ અને દિલ્હી તરફ ગયા છે જ્યારે અન્ય કેટલાક ત્રાસવાદીઓ પંજાબ અને રાજસ્થાન તરફ ગયા હોવાના અહેવાલ મળ્યા છે. તેમની યોજના ભારતમાં મોટા આતંકવાદી હુમલા કરવાની રહેલી છે. વિશ્વસનિય સૂત્રોને ટાંકીને એક અંગ્રેજી અગ્રણી અખબારે અહેવાલમાં જણાવ્યું છે કે ખતરાને ધ્યાનમાં લઈને એજન્સી દ્વારા એલર્ટની જાહેરાત કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# સહારનપુરમાં જવા રાહુલને મંજુરી નહીં

સહારનપુર, તા. ૨૬

જાતિય હિંસાના કારણે સળગી રહેલા સહારનપુરને લઈને રાજકીય લાભ ઉઠાવવાના પ્રયાસો થઈ ચુક્યા છે. મંગળવારના દિવસે બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી પહોંચ્યા હતા. હવે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ સહારનપુર પહોંચવાના પ્રયાસો હાથ ધર્યા છે. જોકે રાહુલ ગાંધીને સહારનપુર જવા માટેની મંજુરી આપવામાં આવી નથી. રાહુલ ગાંધી ૨૭મી મેના દિવસે સહારનપુર પહોંચનાર હતા પરંતુ એડીજી (કાયદો અને વ્યવસ્થા) આદિત્ય મિશ્રાએ રાહુલ ગાંધીને મંજુરી આપવાનો ઈનકાર કરી દીધો છે.

● અનુસંધાન પાન-૭ પર














**STOCK MARKET LEADER REQUIRED**
**NEW OFFICE STAFF**
Equity Dealer : 3, Front Office Asst : 2
Salary Rs.6500 to 15000 + Petrol + Incentive
F-13, Meghmalhar, Sector-11, Opp.CNG Pump,Gandhinagar.
M.99747 03401, Email:bestboi123@gmail.com

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય